# <u>રાજકોટના મે.૧૬માં એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં મું.રાજકોટ</u>

**ફોજદારી કેસ નં.૪૬૩૯/૨૦૨૧**
**આંક : ૭**

**ફરિયાદી** : શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી** : સોનલબેન વા/ઓ દીપકભાઈ અમૃતલાલ જરીયા રહે.રાજકોટ

**ગુન્હો : પ્રોહી. એકટની કલમ–૬૫એએ અન્વયે...**

## <u>::: ચુકાદો :::</u>

(૧) ફરિયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપીએ ચાર્જશીટમાં જણાવ્યા મુજબનો ગુનો કરેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ, આરોપીની પ્લી ગુના સબબ નોંધતા, આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વેચ્છીક એકરાર કરેલ છે અને કબૂલાત પુરસીસ અલગથી આપેલ છે. ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીએ **પ્રોહી. એકટની કલમ–૬૫એએ** મુજબનો શિક્ષપાત્ર ગુનો અત્રેની અદાલતની હકુમતમાં કરેલ છે.

(૩) આ કામના આરોપીની કબુલાત પુરશીસ તથા ગુન્હાના સંજોગો ધ્યાને લીધા. વધુમાં આરોપી જણાવે છે કે તેમનો આ પ્રથમવારનો ગુન્હો છે જે શરતચુકથી થયેલ છે, ભવિષ્યમાં તે બાબતની તકેદારી રાખશે અને તેવા પ્રકારનો કોઈ ગુન્હો કરશે નહી. તે કુટુંબમાં કમાનાર એક જ વ્યકિત છે. આરોપી ઉપર તેના કુટુંબના સંચાલનનો મહત્વનો આધાર છે. આરોપીના કૃત્ય બદલ તેમના પરીવારે પણ પેસીવ પનીસમેન્ટ ભોગવવી પડતી હોય છે. ભવિષ્યમાં આરોપી આવો ગુન્હો નહી કરે તેવી બાંહેધરી કોર્ટ રૂબરુ આપેલ હોય તેમજ આરોપીને સુધરવાની તક મળે તે હેતુને તથા તમામ હકીકતો અને સંજોગો ઘ્યાનમાં રાખી નામદાર ગુજરાત વડી અદાલતના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર (ક્રિમીનલ અપીલ નંબર ૪૭૭/૨૦૦૨ વિગેરે)ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમા લેતા, તેમજ આરોપીની ગુન્હા કબુલાતની પુરસીસ તથા ગુન્હાના સંજોગો ધ્યાને લેતાં આરોપીની કબુલાત સ્વીકારવાથી અને ઓછામાં ઓછી સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાય રહેશે તેમ જણાય છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

### <u>–:હુકમ:–</u>

૧) આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ **૨૪૮(૧)** મુજબ **પ્રોહી. એકટની કલમ–૬૫એએ** મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂ.૧૦૦(અંકે રુપીયા સો પુરા) દંડ ફરમાવવામાં આવે છે તથા જો દંડ ના ભરે તો દીન–૩ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આ કામે બીનકીમતી મુદામાલ (જો હોય તો) નો અપીલ સમય બાદ નિયમોનુસાર નિકાલ/નાશ કરવાનો રહેશે. દેશી દારુ કે તેની મળી આવેલ ગેરકાયદેસર સામગ્રીનો નાશ કરવો.

હુકમ:– આજરોજ તારીખ ૧૩મી, માહે ઓગષ્ટ, સને ૨૦૨૨ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તારીખ :૧૩/૦૮/૨૦૨૨.
રાજકોટ.

**(પી.એસ.સિન્ધી)**
૧૬માં એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, રાજકોટ.
(જી.જે.૦૦૯૮૨)